

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 065
Dt.: 15-11-2025, Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

આતંકવાદ સામે કડક સંદેશ

## દિલ્હી બ્લાસ્ટના આરોપી ઉમર નબીનું ઘર તોડી પાડવામાં આવ્યું



### અગાઉ પહેલગામ આતંકવાદી હુમલા માટે આતંકવાદીઓને મદદ કરનાર લોકોના ઘર પણ તોડી પાડવામાં આવ્યા હતાં

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

સોમવારે સાંજે દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટ બાદ તપાસ એજન્સીઓ આતંકવાદી ષડ્યંત્રની સઘન તપાસ કરી રહી છે, ધરપકડ કરાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવામાં અહેવાલ છે કે આરોપી ડોક્ટર ઉમર નબીના જમ્મુ અને કશ્મીરના પુલવામા જીલ્લામાં આવેલા નિવાસસ્થાનને તોડી પાડવામાં આવ્યું છે.અધિકારીઓના જણાવ્યા મુજબ સુરક્ષા દળોએ પુલવામા જીલ્લાના કોઈલ ગામમાં આવેલું ઉમર નબીનું ઘર તોડી પાડ્યું હતું. આ દરમિયાન વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) ને મકાનને જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું.જમ્મુ અને કાશ્મીર પોલીસે ડોક્ટર નબીના સાથે જોડાયેલા છ લોકોની ધરપકડ કરી, જેમાં તેના પરિવારના ત્રણ સભ્યોનો પણ સમાવેશ થાય છે.ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અને અન્ય ગેરકાયદે પ્રવૃતિઓમાં સામેલ લોકોને કડક સંદેશ આપવા આ કાર્યવાહી કરવામાં છે. અગાઉ પહેલગામ આતંકવાદી હુમલા માટે આતંકવાદીઓને મદદ કરનાર લોકોના ઘર પણ તોડી પાડવામાં આવ્યા હતાં.લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે હ્યુન્ડાઈ i20માં બ્લાસ્ટ થયો હતો, NDA ટેસ્ટથી સાબિત થયું કે ઉમર નબી કારમાં જ હતો અને તેણે જ આ બોમ્બ બ્લાસ્ટ કર્યો હતો.નબી ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર હતો. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ તે યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. મુઝમ્મિલ શકીલ ગની અને ડૉ. અદીલ રાથેર સાથે જોડાયેલો હતો. આ બંનેની ધરપકડ કરવામાં આવી છે, બંને પર ફરીદાબાદમાં 2,900 કિલોથી વધુ એમોનિયમ નાઈટ્રેટ, ડેટોનેટર, ટાઈમર અને એસોલ્ટ રાઈફલ્સ એકત્રિત કરવાનો આરોપ છે. હાલ બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે, આ દરમિયાન અલ ફલાહ યુનિવર્સિટીમાં ચાલી રહેલા મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ થયો છે.

બિહારમાં પ્રચંડ જીત પછી અમિત શાહે આપ્યું નિવેદન

## આ વિકસિત બિહારમાં માનનારાઓનો વિજય છે

### બિહારમાં જીત બાદ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે "વિકસિત બિહાર" માં માને છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



બિહાર ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે આરજેડીને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. આરજેડી ૨૫ બેઠકો સુધી મર્યાદિત છે, અને કોંગ્રેસ આઠમા ક્રમે રહેલી પાર્ટી બની ગઈ છે. બિહારમાં એક્સ-ફેક્ટર ગણાતા પ્રશાંત કિશોર પોતાની પાર્ટીનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહ્યા. બિહારમાં મોદી લહેર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનડીએના જંગી વિજય પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, "આ 'વિકસિત બિહાર'માં માનનારાઓનો વિજય છે. આ પ્રદર્શનની રાજનીતિ છે." શાહે કહ્યું, "જ્ઞાન, પરિશ્રમ અને લોકશાહીના રક્ષકો, બિહારના લોકોને મારા હૃદયપૂર્વક સલામ. બિહારના લોકો દ્વારા NDA ને મળેલો આ પ્રચંડ જનાદેશ NDA ની વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને બિહારના ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે. છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીએ બિહાર માટે ઉદારતાથી કામ કર્યું છે, અને નીતિશ કુમારે બિહારને જંગલ રાજના અંધકારમાંથી બહાર લાવવા માટે કામ કર્યું છે. આ જનાદેશ વિકસિત બિહારની પ્રતિબદ્ધતા માટે છે." તેમણે વધુમાં કહ્યું, "બિહારના લોકોનો દરેક મત ઘુસણખોરો અને તેમના સહાનુભૂતિ ધરાવતા લોકો સામે મોદી સરકારની નીતિમાં વિશ્વાસનું પ્રતીક છે, જેઓ ભારતની સુરક્ષા અને સંસાધનો સાથે રમત રમે છે. જનતાએ વોટ બેંક માટે ઘુસણખોરોને રક્ષણ આપનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. બિહારના લોકોએ સમગ્ર દેશનો મૂડ પ્રતિબિંબિત કર્યો છે: મતદાર યાદી શુદ્ધિકરણ જરૂરી છે, અને તેની સામે રાજકારણ માટે કોઈ સ્થાન નથી. તેથી જ, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ પાર્ટી આજે બિહારમાં છેલ્લા સ્થાને આવી ગઈ છે." ગૃહમંત્રીએ પછી કહ્યું કે આ દરેક બિહારીનો વિજય છે જે "વિકસિત બિહાર" માં માને છે. જે લોકો જંગલ રાજ અને તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, ભલે તેઓ ગમે તે વેશમાં આવે, તેમને લૂંટવાનો મોકો મળશે નહીં. જનતા હવે ફક્ત "પ્રદર્શનની રાજનીતિ" ના આધારે પોતાનો જનાદેશ આપે છે. હું નરેન્દ્ર મોદી, નીતિશ કુમાર અને NDA ના તમામ નેતાઓ અને કાર્યકરોને અભિનંદન આપું છું. હું બૂથ સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ BJP કાર્યકરોને પણ સલામ કરું છું, જેમણે તેમના અથાક કાર્ય દ્વારા આ પરિણામને વાસ્તવિકતા બનાવી છે. હું બિહારના લોકોને અને ખાસ કરીને આપણી માતાઓ અને બહેનોને ખાતરી આપું છું કે મોદીના નેતૃત્વ હેઠળની દ્રઢઇછ સરકાર તમે જે આશા અને વિશ્વાસ મૂક્યો છે તેના કરતાં પણ વધુ સમર્પણ સાથે આ જનાદેશ પૂર્ણ કરશે.

## યુપીમાં એક જ પરિવારના ૫ સભ્યોના શંકાસ્પદ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના શ્રાવસ્તીમાં શુક્રવારે સવારે એક હૃદય કંપાવી દેનારી ઘટના સામે આવી છે. શ્રાવસ્તીના લિયાકત પુરવા ગામમાં એક જ પરિવારના પાંચ લોકોના શંકાસ્પદ રીતે મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. પતિનો મૃતદેહ ફાંસીના માંચડે લટકતો મળી આવ્યો હતો, જ્યારે તેની પત્ની અને ત્રણ માસૂમ બાળકોના મૃતદેહ ઘરની અંદર ખાટલા પર પડ્યા હતા. મળતી માહિતી મુજબ મૃતકોનો રૂમ અંદરથી બંધ હતો, જેના કારણે ઘટના વધુ રહસ્યમય બની છે. શુક્રવારે સવારે જ્યારે પરિવારજનો અને ગ્રામજનોએ દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને સૌ ચોંકી ઉઠ્યા હતા.

મૃતકોની ઓળખ લિયાકત પુરવા ગામના નિવાસી રોઝ અલી (૩૨), તેની પત્ની શહનાઝ (૩૦), પુત્રી તબસ્સુમ (૬), પુત્રી ગુલનાઝ (૪) અને દોઢ વર્ષીય પુત્ર મુઈન અલી તરીકે થઈ છે. રોઝ અલીનો મૃતદેહ ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે બાકીના ચાર સભ્યોના મૃતદેહ ખાટલા પર હતા. દરવાજો અંદરથી બંધ હોવાથી શંકા જતાં દરવાજો તોડ્યો તો પરિવારની લાશો પડી હોવાથી તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે પંચનામું કરી તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આ સાથે જ ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્ર કર્યા છે.જિલ્લાના એસપી રાહુલ ભાટી અને એએસપી મુકેશ ચંદ્ર ઉત્તમ સહિત ઉચ્ચ અધિકારીઓએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. અધિકારીઓનું કહેવું છે કે મોતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. રૂમ અંદરથી બંધ હોવાથી આ ઘટના આત્મહત્યા છે કે હત્યા, તે અંગે અનેક શંકાઓ સેવાઈ રહી છે. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. હાલ પોલીસ આ મામલે ઝીણવટભરી તપાસ કરી રહી છે.

## ચેન્નઈ નજીક ટ્રેનિંગ સમયે વાયુસેનાનું વિમાન ક્રેશ

### આ ઘટનામાં જાનહાનિ નહીં: અકસ્માતની તપાસ માટે કમિટીની રચના કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

ભારતીય વાયુસેનાનું એક પીસી-૭ પિલાટસ બેઝિક ટ્રેનર વિમાન શુક્રવારે નિયમિત તાલીમ ઉડાન દરમિયાન ચેન્નઈના તામ્બરમ નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. સદભાગ્યે, પાયલટનો બચાવ થયો છે, તેથી કોઈ જાનહાનિના સમાચાર નથી.વાયુસેનાએ જણાવ્યું કે આ ઉડાન સામાન્ય તાલીમ મિશનનો એક ભાગ હતી. અકસ્માતના ચોક્કસ કારણો જાણવા માટે કોર્ટ ઓફ ઈક્વાયરી (તપાસ કમિટી)ની રચના કરવામાં આવી છે, જે ઘટનાની વિગતવાર તપાસ કરશે.ઘટનાસ્થળે રાહત અને સુરક્ષા ટીમોને તાત્કાલિક મોકલવામાં આવી હતી. સ્થાનિક તંત્રએ પણ વાયુસેનાને મદદ કરી. આ અકસ્માત બાદ વાયુસેનાએ કહ્યું કે, ઉડાનોની સુરક્ષા તેમની સૌથી મોટી પ્રાથમિકતા છે અને તપાસ રિપોર્ટ આવ્યા બાદ જરૂરી પગલાં લેવામાં આવશે.વિમાન બપોરે લગભગ ૧:૪૫ વાગ્યે એર સ્ટેશન પરથી ઉડાન ભર્યું હતું. આ એક નિયમિત તાલીમ ઉડાન હતી, જેમાં પાયલટને ફલાઈંગની બેઝિક ફ્લાઈંગ સ્કિલ્સ શીખવવામાં આવતી હતી. આશરે ૨ વાગ્યાની આસપાસ વિમાન અચાનક નીચે પડ્યું.સ્થાનિક રહેવાસીઓએ આકાશમાં ધૂમાડો અને મોટો અવાજ સાંભળ્યો હતો. તરત જ વાયુસેનાની ટીમ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સદભાગ્યે, પાયલટને સામાન્ય ઈજાઓ થઈ હતી અને તેમનો ઈલાજ કરવામાં આવ્યો.વિમાનને મોટું નુકસાન પહોંચ્યું છે, પરંતુ આસપાસના વિસ્તારમાં કોઈ મોટી જાનહાનિ કે નુકસાન થયું નથી. વાયુસેનાના એક અધિકારીએ જણાવ્યું કે પાયલટે ખૂબ બહાદુરી બતાવી. તેમણે ઈમરજન્સી પ્રક્રિયાનું પાલન કરીને પોતાનો બચાવ કર્યો. વાયુસેના હવે તપાસ કરી રહી છે કે દુર્ઘટનાનું કારણ તકનીકી ખામી હતી કે ખરાબ હવામાન. આ માટે ગઠિત કરાયેલ કોર્ટ ઓફ ઈક્વાયરીમાં નિષ્ણાતોની ટીમ વિમાનના ભાગો, ફલાઈટ ડેટા અને સાક્ષીઓના નિવેદનોની વિગતવાર ચકાસણી કરશે.

## PM કિસાન સન્માનનિધિમાં હજારો લાભાર્થી ખેડૂતો શંકાના દાયરામાં! : હપ્તા મામલે કેન્દ્રનો કડક નિર્દેશ

### ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯.૬૨ લાખ ખેડૂત લાભાર્થીઓને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી યોજનામાં લાભ અપાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને હજુ ૨૬મો હપ્તો ચૂકવાયો નથી જેથી ખેડૂતો ચિંતામાં મૂકાયાં છે. જોકે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ યોજનામાં ખેડૂતો ખોટા લાભાર્થી બની બેઠાં હોવાનુ માલુમ પડયુ છે જેના કારણે કેન્દ્ર સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યાં છેકે, જ્યાં સુધી અરજીની પૂર્તતા નહી ચકાસવામાં આવે ત્યાં સુધી હપ્તો ચૂકવાશે નહી. ઉલ્લેખનીય છેકે, કેન્દ્ર સરકારે અત્યાર સુધી ૩૫.૪૪ લાખ ખોટા લાભાર્થી ખેડૂતોના નામ કમી કર્યા છે. આ જોતાં ગુજરાત સરકારે પણ ખોટા લાભાર્થીઓ પર નજર રાખી છે.કેન્દ્ર સરકારના ધ્યાને આવ્યું છે કે, ઘણાં ખેડૂતોએ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરી પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધીમાં રજીસ્ટ્રેશન કરાવી રહ્યાં છે અને હપ્તો મેળવે છે. એવી ગેરરીતી જોવા મળી છેકે, પતિ, પત્નિ સહિત પરિવારના બધાય સભ્યો લાભાર્થી બની બેઠાં છે જેઓ નિયમ વિરુધ્ધ રૂ.૨૦૦૦નો હપ્તો મેળવી રહ્યાં છે. ટૂંકમાં, લાયકાત વિના ખેડૂતો ખોટા લાભાર્થી બન્યાં છે. આ કારણોસર કેન્દ્ર સરકારના આદેશને પગલે ખેડૂતોની અરજીઓની પૂર્તતા ચકાસવામાં આવી રહી છે. અરજી ચકાસણી પછી જ અરજદારને હપ્તો ચૂકવવા આદેશ કરાયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯.૬૨ લાખ ખેડૂત લાભાર્થીઓને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી યોજનામાં લાભ અપાયો હતો. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૮.૪૯ લાખ ખેડૂતોને હપ્તો ચૂકવાયો હતો. આ બે વર્ષની સરખામણી કરતાં ખેડૂત લાભાર્થીઓની સંખ્યામાં ૧૧.૧૩ લાખનો તફાવત જોવા મળ્યો હતો. એવી વિગતો પણ જાણવા મળી છેકે, ૬૩.૧૩ લાખ લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચૂકવાયો હતો જ્યારે ૨૮૨ લાખ લાભાર્થીઓને ૧૧મા હપ્તાની ચૂકવણી કરાઈ હતી. આ જોતાં ૫૫ ટકા લાભાર્થીઓ ઓછા થયાં હતાં. આનો સીધો અર્થ એ છે કે, ખોટા લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. સરકારના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૪માં પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી યોજનામાંથી ૨,૬૨,૦૫૦ ખોટા લાભાર્થી હોવાથી તેમના નામ કમી કરાયાં હતાં. હવે જ્યારે કેન્દ્ર સરકારે આદેશ કર્યો છે જેના પગલે ગુજરાત જ નહીં, રાષ્ટ્રવ્યાપી અરજી ચકાસણી શરૂ કરાઈ છે. હવે આ વખતે ગુજરાતમાંથી કેટલાં ખોટા લાભાર્થીઓ મળી આવે તે જોવુ રહ્યું. કમોસમી વરસાદને કારણે પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સરકારે રૂ.૧૦ હજાર કરોડનું કૃષિ પેકેજ જાહેર કર્યુ હતુ. શુક્રવારથી ખેડૂતો અરજી કરી સહાય મેળવી શકશે. રાજ્યના ૧૯,૫૦૦ ગામોની ખેતીને નુકસાન પહોચ્યુ છે ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોને સહાય મળવાપાત્ર છે. ખેડૂતોએ રાજ્ય સરકારના પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી પડશે. ખેડૂતાને વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર મદદરુપ થશે. ખેડૂતોને ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવાશે.

## સરકારે હોસ્પિટલો અને વીમા કંપનીઓને આપી સૂચના: હેલ્થ ઈન્સ્યોરન્સ સસ્તા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હાલમાં, દેશમાં ફક્ત થોડા લોકો પાસે જ આરોગ્ય વીમા કવરેજ છે. સરકાર વધુ લોકોને તેના કવરેજ હેઠળ લાવવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે હોસ્પિટલો અને વીમા કંપનીઓ સસ્તી અને સુલભ આરોગ્ય સંભાળ સેવાઓ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરે. આ કારણે સરકારે હોસ્પિટલો અને વીમા કંપનીઓને આરોગ્ય વીમાને સસ્તું બનાવવા જણાવ્યું છે. દેશમાં આરોગ્ય વીમા કવરેજ ઓછું રહે છે. સરકાર વધુ લોકોને આરોગ્ય વીમા કવરેજ હેઠળ લાવવા માંગે છે. આ હાંસલ કરવા માટે, આરોગ્ય વીમાનો ખર્ચ ઘટાડવો જરૂરી છે. નાણા મંત્રાલયે વીમા કંપનીઓ અને હોસ્પિટલોને આરોગ્ય વીમાનો ખર્ચ ઘટાડવા કહ્યું છે. વધુમાં, પોલિસીધારકો માટે સસ્તું અને સુલભ આરોગ્ય સંભાળ સેવાઓ સુનિશ્ચિત કરવા માટે તમામ હિસ્સેદારોએ સાથે મળીને કામ કરવું જોઈએ. આ માટે પારદર્શિતા અને કાર્યક્ષમતા પણ જરૂરી છે.નાણા મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય સેવાઓ વિભાગના સચિવ એમ. નાગરાજુએ મુખ્ય વીમા કંપનીઓ, હોસ્પિટલો, જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલ અને એસોસિએશન ઓફ હેલ્થકેર પ્રોવાઈડર (ઈન્ડિયા) ના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં તબીબી ફુગાવા અને વધતા વીમા પ્રિમીયમના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

સચિવે વીમા કંપનીઓ અને હોસ્પિટલોને ચોક્કસ પગલાં અપનાવવાની સલાહ આપી હતી. આમાં નિશ્ચિત સારવાર નિયમો સ્થાપિત કરવા, સુસંગત હોસ્પિટલ પસંદગી પ્રક્રિયાઓ અને કેશલેસ દાવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો સમાવેશ થાય છે. આ બધું આરોગ્ય વીમા ખર્ચ ઘટાડવામાં મદદ કરશે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હોસ્પિટલો અને વીમા કંપનીઓએ પોલિસીધારકો માટે સસ્તું અને સુલભ આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ, સાથે સાથે સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા પણ લાવવી જોઈએ.

જાન્યુઆરીમાં, વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI) એ એક મોટો નિર્ણય લીધો હતો. તેણે વીમા કંપનીઓને ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના પોલિસીધારકો માટે પ્રીમિયમમાં ૧૦% થી વધુ વધારો કરવાની મનાઈ ફરમાવી હતી.



# તંત્રી લેખ......

## ગુનેગારોને સજા મળવી જોઈએ

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ અંગે ઘણી વિગતો બહાર આવી રહી છે. જોકે સરકારે હજુ સુધી પુષ્ટિ કરી નથી કે તે આતંકવાદી હુમલો હતો, પરંતુ સંકેતો મળી રહ્યા છે કે તે છે. શું આ દેશને અસ્થિર કરવાનું કાવતરું છે? જો તે કાવતરું છે, તો એનઆઈએએ ખાતરી કરવી જોઈએ કે કોઈ ગુનેગારોને છોડવામાં ન આવે. મંગળવારે આ ઘટનાની તપાસ એજન્સીને સોંપવામાં આવી હતી.

પુલવામા શંકાસ્પદ: અહેવાલો અનુસાર, આ ઘટના કથિત રીતે પુલવામા સાથે જોડાયેલી છે. નોંધનીય છે કે વિસ્ફોટ પહેલા, સુરક્ષા એજન્સીઓએ એક આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો જે જમ્મુ અને કાશ્મીરમાં ઉદ્ભવ્યો હતો અને પછી હરિયાણા અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયો હતો. હાલમાં, એવું માનવામાં આવે છે કે દિલ્હી બ્લાસ્ટનો મુખ્ય શંકાસ્પદ પુલવામા નિવાસી ઉમર મોહમ્મદ છે. તે તે જ કાર ચલાવી રહ્યો હતો જેમાં વિસ્ફોટ થયો હતો.

આતંક મોડ્યુલ: સરકાર આ બાબતમાં અત્યંત સાવધાની સાથે આગળ વધી રહી છે, અને રાષ્ટ્રીય સુરક્ષા અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ જરૂરી છે. સામાન્ય ધારણા એ છે કે આતંકવાદી જૂથો ઓછા શિક્ષિત અને સામાજિક રીતે અલગ પડેલા યુવાનોને નિશાન બનાવે છે કારણ કે તેમને ચાલાકી કરવી સરળ છે. જોકે, આતંકવાદી મોડ્યુલમાં ડોકટરોની ધરપકડ એક ખતરનાક વલણ છે.

ગુપ્તચર નિષ્ફળતા: દિલ્હી વિસ્ફોટો અને અગાઉની ધરપકડો વચ્ચે હજુ સુધી કોઈ સીધો સંબંધ સ્થાપિત થયો નથી, તે ગુપ્તચર માહિતી પર પ્રશ્નો ઉભા કરે છે. જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા લોકો રાજધાની નજીક રહેતા હતા અને કાવતરું ઘડતા હતા, ૨,૯૦૦ કિલો વિસ્ફોટકો એકઠા કરતા હતા, અને તેમને તેની જાણ પણ નહોતી! જો આ ખુલાસામાં વધુ વિલંબ થયો હોત, તો દેશ કદાચ મોટી દુર્ઘટનાનો સામનો કરી શક્યો હોત.

તકેદારી જરૂરી: દિલ્હીમાં છેલ્લો મોટો આતંકવાદી હુમલો સપ્ટેમ્બર ૨૦૧૧ માં થયો હતો, જ્યારે હાઈકોર્ટની બહાર બોમ્બ વિસ્ફોટમાં ૧૧ લોકો માર્યા ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ત્યારથી, છૂટાછવાયા બનાવો બન્યા છે, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. દરમિયાન, જમ્મુ અને કાશ્મીર સિવાય દેશના બાકીના ભાગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો છે. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ પણ દર્શાવે છે કે ભારતમાં પરિસ્થિતિમાં સુધારો થયો છે, જ્યારે પાડોશી પાકિસ્તાન આતંકવાદી પ્રવૃત્તિઓમાં વિશ્વમાં બીજા ક્રમે છે. જો કે, આ શાંતિ ફક્ત ત્યારે જ જાળવી શકાય છે જો એજન્સીઓ સતત સતર્ક રહે. આતંકવાદને ફરીથી ખીલવા દેવો જોઈએ નહીં. વધુમાં, ગુપ્તચર તંત્રએ એવી રીતે કામ કરવું જોઈએ કે આવા ગુનાઓ ન બને.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં પ્રત્યાઘાતી ઘટાડો: સોનાનો વાયદો રૂ.૯૮૨ અને ચાંદીનો વાયદો રૂ.૧૮૫૪ ઘટ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૪નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૦૮૦.૬૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬૮૩.૫૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૩૪૧.૪૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૦૬૮ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૧૭૬૭.૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૦૮૦.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬૮૩.૫૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૨.૬૨ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૦૬૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૫૩.૫૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૩૪૧.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૭૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૦૪૮ અને નીચામાં રૂ.૧૨૫૪૮૭ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૭૫૧ના આગલા બંધ સામે રૂ.૯૮૨ ઘટી રૂ.૧૨૫૭૬૯ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૩૭ ઘટી રૂ.૧૦૧૫૧૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૯ ઘટી રૂ.૧૨૭૧૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૪ ઘટી રૂ.૧૨૫૬૬૪ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૫૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૫૯૫ અને નીચામાં રૂ.૧૨૫૭૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૨૬૯૦૨ના આગલા બંધ સામે રૂ.૯૭૬ ઘટી રૂ.૧૨૫૯૨૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૨૮૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૩૩૩ અને નીચામાં રૂ.૧૫૯૮૩૫ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૪૭૦ના આગલા બંધ સામે રૂ.૧૮૫૪ ઘટી રૂ.૧૬૦૬૧૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૭૦૪ ઘટી રૂ.૧૬૧૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૬૮૦ ઘટી રૂ.૧૬૨૦૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૩૮૧.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૩.૫૫ ઘટી રૂ.૧૦૧૦.૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૩.૨૫ ઘટી રૂ.૩૦૨.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૭૧.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૫૫ પૈસા ઘટી રૂ.૧૮૩.૫૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૩૫૫.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૧૫ અને નીચામાં રૂ.૨૯૫૦ના મથાળે અથડાઈ, રૂ.૩૫ ઘટી રૂ.૨૯૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૧૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૨૧ અને નીચામાં રૂ.૫૨૬૫ના મથાળે અથડાઈ, રૂ.૫૨૨૮ના આગલા બંધ સામે રૂ.૪૪ વધી રૂ.૫૨૭૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૪૪ વધી રૂ.૫૨૭૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૩ ઘટી રૂ.૪૦૩.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૦.૧ ઘટી રૂ.૪૦૩.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૨.૬ના ભાવે ખૂલી, ૮૦ પૈસા ઘટી રૂ.૯૧૧.૯ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૩૦૦ ઘટી રૂ.૨૪૮૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૩૫ના ભાવે ખૂલી, રૂ.૯૬ ઘટી રૂ.૨૪૪૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૨૯૮.૩૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૦૪૩.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૯૫૭.૦૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪૮.૧૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૯૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૦.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૬.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૫૦.૩૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૩૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૫૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૦૦૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૩૯૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૭૦૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૨૭૨૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૯૧૯૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૧૮૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૬૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૫૭૬૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૫૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૪૪૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯૮૧૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૩૦૪૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૫૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૯૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૯ પોઈન્ટ ઘટી ૩૦૦૬૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૬ વધી રૂ.૫૪.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૫ ઘટી રૂ.૧૨.૨ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨ ઘટી રૂ.૨૯૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૫૨.૫ ઘટી રૂ.૩૧૭૩ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩ ઘટી રૂ.૬.૨ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૪ ઘટી રૂ.૩.૦૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૯ ઘટી રૂ.૭૯.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૫ વધી રૂ.૧૩.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪ વધી રૂ.૪૫૧ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮૨.૫ વધી રૂ.૪૪૦૫.૫ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૩ પૈસા વધી રૂ.૫.૬ થયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૦ પૈસા વધી રૂ.૨.૫ના ભાવે બોલાયો હતો.

## બોટાદ ફાયર વિભાગ દ્વારા વિવેકાનંદ સ્કૂલમાં ફાયર સેફ્ટી તાલીમ યોજાઈ



આગ લાગે ત્યારે અપનાવવાના રક્ષણાત્મક પગલાં, આગના પ્રકારો અને અગ્નિશામક યંત્રોના યોગ્ય ઉપયોગ અંગે ડેમોન્સ્ટ્રેશન વડે માર્ગદર્શન આપવામાં આવ્યું

બોટાદ ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટી જાગૃતિ અભિયાન અંતર્ગત વિવેકાનંદ સ્કૂલ, બોટાદ ખાતે ફાયર ડેમો અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસિસના ડાયરેક્ટર શ્રી નલિનકુમાર ચૌધરીના માર્ગદર્શન હેઠળ તથા બોટાદ ફાયર વિભાગના કુલદીપસિંહ ડોડિયાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને વિસ્તૃત માહિતી આપવામાં આવી. આગ લાગે ત્યારે અપનાવવાના રક્ષણાત્મક પગલાં, આગના પ્રકારો અને અગ્નિશામક યંત્રોના યોગ્ય ઉપયોગ અંગે ડેમોન્સ્ટ્રેશન વડે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમના માધ્યમથી વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી માટે સજાગ, જવાબદાર અને તૈયાર બનાવવા સાથે અગ્નિ દુર્ઘટનાઓ સમયે ઘબરાયા વગર યોગ્ય પગલાં ભરવા અંગે સમજ આપવામાં આવી હતી.

અહેવાલ લાલજી મેર રાણપુર

### યુનિટની ચોરી કરી ઈન્ટરનેશનલ બજારમાં વેચતા હતા

# 5S ટાવરમાંથી BBU યુનિટની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ થયો

### આ મામલામાં પોલીસે ૨ આરોપીને ઝડપી લીધા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ એક નવી જ ચોરીના ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. 5S ટાવરમાંથી BBU યુનિટની ચોરી કરી ઈન્ટરનેશનલ બજારમાં વેચાણ કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. BBU નું પૂરું નામ શું છે તો BBU નું પૂરું નામ Baseband Unit આ યુનિટ ટેલિકોમ ટાવર અથવા મોબાઈલ નેટવર્ક, ઈન્ટરનેટ નેટવર્ક સિસ્ટમમાં BBU એટલે Baseband Unit જે નેટવર્ક સિગ્નલને પ્રોસેસ કરતી સૌથી મહત્વની યુનિટ છે અને BBU યુનિટની 5G ટાવરમાં હૃદય માનવામાં આવે છે. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ ખાસ આવા BBU યુનિટની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ દિલ્હીની ગેંગને બીબીયુ યુનિટ વેચાણ માટે આપતી હતી અને દિલ્હી ગેંગ આ BBU યુનિટની સાઉથ ઈસ્ટના દેશોમાં વેચાણ કરતા હતા. એટલે કે થાઈલેન્ડ, વિયેતનામ, કંબોડિયા સહિતના દેશમાં તેનું વેચાણ કરતા હતા જ્યાં 5G નેટવર્ક નથી મળી રહ્યું. તો હવે પહેલા એ સમજીએ કે કઈ રીતે આ ગેંગ ચોરીના ગુનાને અંજામ આપતા હતા. ૫જી ટાવર માંથી BBU યુનિટની ચોરીનો મુખ્ય આરોપી ઉત્તમ શર્મા મૂળ જમ્મુ કાશમીરનો છે અને અમદાવાદમાં રહીને રીક્ષા ચલાવે છે. સાથે જ મોબાઈલ નેટવર્ક ટાવર લગાવવામાં લેબર વર્કર તરીકે પણ કામ કરે છે. જેના કારણે મોબાઈલ નેટવર્ક ટાવરમાં કયો ભાગ કિંમતી અને કામનો છે તેની જાણકારી તેને રહેતી. જેને પગલે મૂળ જમ્મુ કાશ્મીરના ઉત્તમ શર્માએ bbu યુનિટ ચોરવાનું નક્કી કર્યું હતું.

ઉત્તમ શર્મા દિવસે રીક્ષા ચાલવીને રાત્રિના સમયે તેના આરોપી મિત્ર વિશાલ ચાવડા સાથે એક્ટિવા લઈને નીકળી પડતો હતો. સરક્યુલર રૂટમાં ચોરી કરતો હતો. એક રાતમાં ૫ મોબાઈલ ટાવરમાંથી ચોરી કરીને સવારે ફરી રીક્ષા ચલાવતો હતો. આ bbu યુનિટ ચોરી કર્યા બાદ દિલ્હીની ગેંગને ૧૫ હજારમાં વેચી દેતો હતો. દિલ્હીની ગેંગ ઈન્ટરનેશનલ ગેંગને વેચાણ કરી દેતો હતો. ત્યારે જે bbu યુનિટની ચોરી કરતા હતા. ભારતમાં તેની કિંમત ૩ થી ૪ લાખ રૂપિયા છે, પરંતુ ઈન્ટરનૅશન બજારમાં તેની મોટી રકમ મળે છે. ત્યારે પોલીસ તેની તપાસમાં એ પણ સામે આવી છે કે મુખ્ય આરોપી મૂળ જમ્મુ કાશ્મીરના ઉત્તમ શર્મા સામે જમ્મુ કાશ્મીરમાં ૩ ગુના યુનિટ ચોરીના નોંધાયેલ છે. એક ગાંધીનગરમાં યુનિટ ચોરીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે અને અમદાવાદમાં એક પોક્સોનો ગુનો નોંધાઈ ચુક્યો છે. ત્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૧૦ થી વધુ ટાવરમાં ચોરી કરી ચૂક્યા છે. જેની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ મુખ્ય આરોપી ઉત્તમ શર્મા અત્યાર સુધીમાં ૨૦ થી વધુ bbu યુનિટ ચોરી કરીને દિલ્હી ગેંગને વેચી ચૂક્યો છે. ત્યારે આ bbu યુનિટનો ઉપયોગ વિદેશમાં શું થાય છે તેને લઈને વધુ તપાસ હાથ ધરાઈ છે.

# શેરમાં રોકાણ કરવાના બહાને વડોદરામાં વૃદ્ધ સાથે ૨૯.૯૯ લાખની ઠગાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા ૬૧ વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝને ઓનલાઈન શેર ટ્રેડિંગમાં રોકાણ કરવાની લાલચ આપીને ૨૯.૯૯ લાખની ઠગાઇ કર્યાની ફરિયાદ સાયબર ક્રાઈમ સ્ટેશનમાં નોંધાવી છે.માંજલપુરના માનવધર્મ આશ્રમ પાસે આવેલી સંધ્યા પાર્ક સોસાયટીમાં રહેતા દિનેશ કાંતિલાલ જોષીને ગત ૧૬ મે ૨૦૨૫ના રોજ તેમના વોટ્સએપ પર મોબાઈલ નંબર પરથી મેસેજ આવ્યો હતો. મેસેજ મોકલનાર કંગના શર્મા નુવામા વેલ્થ કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટ છે અને બ્લોક ટ્રેડિંગ તથા ક્વાર્ટર પ્રોફિટ પ્લાનિંગમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવે છે. ત્યારબાદ ઠગોએ રૂ. ૫ લાખ ઈન્વેસ્ટમેન્ટ કરશો તો તેના પર દરરોજ તમને ૧૦%થી ૧૫% પ્રોફિટ મળશે એવી લાલચ આપીને ૩૦ લાખ રૂપિયા ઈન્વેસ્ટ કરવા માટે કહ્યું હતું અને તેમને બોગસ સેબી સર્ટિફિકેટ મોકલી આપ્યું હતું.૧૮ મેના રોજ ઠગોએ આપેલા એકાઉન્ટમાં વૃદ્ધે રૂ.૩૦ લાખ આરટીજીએસ દ્વારા ઈન્વેસ્ટ કરવા ટ્રાન્સફર કર્યા હતા ત્યારે ઠગોએ તેમની વેબસાઈટના પોર્ટફોલિયોમાં રૂ.૩૬.૯૬ લાખ પ્રોફિટ સાથેનું બેલેન્સ બતાવવામાં આવ્યું હતું.

# આમ આદમી પાર્ટી ગુજરાત ભરમાં ખેડુત મહાપંચાયતો યોજશે: ૫ જિલ્લાઓમાં યોજાશે મેગા કાર્યક્રમો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ખેડુતોની વધતી જતી નારાજગી વચ્ચે આમ આદમી પાર્ટી એ આવનારા દિવસોમાં રાજયભરમાં ખેડુત મહાપંચાયતોનુ આયોજન કર્યુ છે. કચ્છ, બનાસકાંઠા, વ્યારા(તાપી), અમરેલી અને આણંદ આ ૫ જિલ્લાઓમાં મેગા કાર્યક્રમો યોજાશે. જેમાં હજારો ખેડુતો ભેગા થઈને પોતાની માંગણીઓ ઉઠાવશે.

આમ આદમી પાર્ટી દ્વારા યોજવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પ્રવકતા કરણ બારોટે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ૧૬ નવેમ્બર સુધી જો સરકાર માંગણીઓ સ્વીકારશે નહી તો તમામ જિલ્લાના આમ આદમી પાર્ટી નેતાઓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને માંગણીનો પત્ર સોંપશે, આ કાર્યક્રમોમાં કડદા પ્રથા





(ખેડુતો પરના દેવા અને વ્યાજનો ચક્રવ્યુહ ) અને પાકના સારા વળતરની મુખ્ય માંગણીઓ ઉઠાવવામાં આવશે. કરણ બારોટે કહ્યુ હતુ કે કમોસમી વરસાદથી થયેલા નુકશાન માટે સરકારે ૧૦ હજાર કરોડનુ પેકેજ જાહેર કર્યુ છે પરંતુ તે પુરતુ નથી અને વિતરણમાં વિલંબ છે. ખેડુતોને હેકટર દીઠ ૨૨ હજાર રૂપીયા મળવા જોઈએ, પરંતુ ઘણા ગામોમાં હજુ સુધી ફોર્મ પણ ભરાયા નથી, મગફળીના ટેકાના ભાવમાં વધારો, પલળેલા પાકની ખરીદી અને કડદા દેવાની માફીની માંગ પણ મુખ્ય છે. વધુમાં આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે ગુજરાતના ખેડુતોને ભાજપ સરકારે છેતર્યા છે, ૧૦ હજાર કરોડનુ પેકેજ તો જાહેરાત છે પરંતુ ખાતામાં પૈસા કયાં છે ? અમે ખેડુતોની સાથે છીએ અને તેમની લડતને મજબુત કરીશુ, તેમને ચેતવણી આપી હતી કે જો ૧૬ નવેમ્બર સુધી માંગણીઓ પુરી નહી થાય તો મુખ્યમંત્રીને મળીને માંગ પત્ર સોંપવામાં આવશે અને તે પછી વધુ આંદોલનની રૂપરેખા તૈયાર કરાશે.

આ મહાપંચાયતોમાં ખેડુતો ઉપરાંત મહિલા ખેડુતો, યુવા અને કિસાન સંઘના કાર્યકર્તાઓ પણ જોડાશે. આમ આદમી પાર્ટીએ દાવો કર્યો છે કે દરેક કાર્યક્રમમાં ૫૦ હજાર થી વધુ ખેડુતો હાજર રહેશે. વ્યારા અને આણંદમાંથી શરૂઆત કરીને કચ્છ સુધીની આ શ્રેણી ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની પકકડ મજબુત કરવાનો પ્રયાસ છે. ખાસ કરીને બનાસકાંઠા અને કચ્છ જેવા સીમાંત વિસ્તારોમાં ખારાશની સમસ્યા, પાણીની અછત અને પાક વિમાની માંગ પણ ઉઠાવવામાં આવશે. આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ ગુજરાતની રાજનીતીમાં ખેડુત મુદ્દાને ફરીથી ગરમ કરી રહ્યો છે. ભાજપ સરકારે તાજેતરમાં જ ૧૦ હજાર કરોડનુ પેકેજ જાહેર કર્યુ છે. પરંતુ આમ આદમી પાર્ટીનુ કહેવુ છે કે આ જાહેરાત છે અમલ નથી. તેમાંય ઓનલાઈન ફોર્મ ભરાવવાના હોવાને લઈને પણ એક નવો વિવાદ ઉભો થઈ શકે છે. તો બીજી તરફ કોંગ્રેસ અને અન્ય વિપક્ષો પણ ખેડુત આંદોલનમાં જોડાવવા તૈયાર છે. આવનારા દિવસોમાં ગુજરાતના ગામડાઓમાં રાજકીય ગરમાવો વધશે તે નિશ્ચિત છે. આમ આદમી પાર્ટી ના નેતાઓએ અપીલ કરી છે કે દરેક ખેડુત પોતાના ગામમાંથી મહાપંચાયતમાં જોડાય અને અવાજ બુલંદ કરે, આ મહાપંચાયતો માત્ર માંગણીઓનુ મંચ નહી પરંતુ ખેડુતોની એકતાનુ પ્રતિક બનશે.

# ગુજરાતમાં હજુ બે વાવાઝોડા આવી શકે છે : ફરી એકવાર માવઠાના એંધાણ: અંબાલાલ પટેલે આપી આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

ચાલુ મહિનામાં ફરી એકવાર તોફાની વાવાઝોડુ ત્રાટકવાનુ છે, અરબ સાગરમાં મોટી હલચલ થવાની છે માત્ર અરબ સાગર જ નહી ચાલુ મહિનાના અંતમાં બંગાળની ખાડીમાં પણ નવુ વાવાઝોડુ આકાર લેશે.



અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે પહેલુ વાવાઝોડુ અરબ સાગર થી આવશે. ૧૯ નવેમ્બર બાદ અરબ સાગરમાં એક લો પ્રેશર બનવાની શકયતા રહેશે. જેની અસર દક્ષિણ ભારત તરફ વર્તાઈ શકે છે, ૧૫ નવેમ્બર બાદ પોસ્ટ મોનસુન એકટીવ થવાની શકયતા રહેશે અને ૧૮ નવેમ્બર બાદ હળવા પશ્ચિમિ વિક્ષેપ આવવાની શકયતા છે, તારીખ ૨૮ થી મધ્યમ પશ્ચિમ વિક્ષેપ આવવાની શકયતા છે, બંગાળ ઉપસાગરમાં તારીખ ૨૪ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધી એક ડીપ ડીપ્રેશન કે ચક્રવાત સર્જાવવાની શકયતા રહેશે. જેની અસર દક્ષિણ પુર્વીય તટો પર રહેશે જેના કારણે દક્ષિણ પુર્વીય તટો પર ૮૦ કિ.મી. ની ઝડપે પવન ફુંકાઈ શકે છે અને સાઈકલોન બને તો પવનની ગતિ વધુ તેજ થઈ શકે છે, આ સિસ્ટમની અસર છત્તીસગઢ, દક્ષિણ મહારાષ્ટ્રના ભાગોમાં થવાની શકયતા રહેશે, જેના લીધે દક્ષિણ ગુજરાતના હવામાનમાં પલ્ટો આવી શકે છે. ૨૨ નવેમ્બરે દેશના ઘણા ભાગોમાં વાદળ આવવાની શકયતા રહેશે. ગુજરાતમાં પણ વાદળછાયુ વાતાવરણ રહેવાની શકયતા છે, ૧૯ તારીખ થી હળવા વાદળછાયુ વાતાવરણ રહેશે. દેશના ઘણા ભાગોમાં કમોસમી વરસાદની શકયતા છે. નવેમ્બરના અંતમાં ગુજરાતનુ હવામાન પલટાઈ શકે છે. ગુજરાતમાં ફરી એકવાર માવઠાના એંધાણ વર્તાઈ શકે છે.

હમણાં સવારના ભાગમાં રાજયના ભાગોમાં ઠંડીનો ચમકારો વધે તેવી શકયતા છે. ઉત્તર ગુજરાતના ભાગોના કેટલાક ભાગમાં ૧૩ ડીગ્રીએ પારો જઈ શકે છે. સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ભારે ઠંડી વર્તાઈ શકે છે. દરીયા કિનારાના ભાગોમાં ૨૦ ડીગ્રી સુધી તાપમાન જઈ શકે છે. રાજયના મોટા ઘણા ભાગોમાં તાપમાન ૧૭ થી ૧૮ ડીગ્રી રહી શકે છે,

# પુત્ર પ્રાપ્તિની ઝંખનામાં બે દિકરીઓની હત્યા કરી માતાએ આપઘાત કરી લીધો

### સસરા વિનોદભાઈ સોલંકી પ્રસંગોપાત બહારગામ ગયા હતા : પતિ જયેશભાઈ રીક્ષા ચલાવી ધંધો કરી ઘરે આવ્યા તો ભયાનક દ્રશ્ય જોયું





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ શહેરમાં ગઈ કાલે મોડી રાત્રે હૈયુ હચમચાવી નાખે તેવી ઘટના બનવા પામી હતી. રાજકોટના નવા ગામ વિસ્તારમાં આવેલી શકિત સોસાયટીમાં માતાએ તેની બે માસુમ દિકરીઓને ગળે ફાંસો આપી હત્યા કરી અને પછી પોતે પણ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ચકચારી બનાવના પગલે સમગ્ર વિસ્તારમાં શોક ની લાગણી સાથે ગમગીની છવાઈ ગઈ હતી.

આ તરફ ઘટનાની જાણ થતા બી ડીવીઝન પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ઉપરાંત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજકોટના અમદાવાદ હાઈવે નજીક નવા ગામ વિસ્તારમાં ન્યુ શકિત સોસાયટી છપનીયા તરીકે ઓળખાતા વિસ્તારમાં આ હૈયુ કંપાવી દે તેવી ઘટના બની હતી. પુત્ર પ્રાપ્તિની ઝંખનામાં બે દિકરીઓની હત્યા કરી માતાએ આપઘાત કરી લીધો હતો. રાત્રે ઘરે કોઈ ન હતુ ત્યારે માતા અસ્મિતાબેને જુદી જુદી ૩ પ્લાસ્ટીકની દોરી છતના હુકમાં બાંધી, પહેલા ૮ વરસની પ્રિયાંશી અને ૫ વરસની હર્ષિતા એમ બંને દિકરીઓને તેમાં ગળે ફાંસો આપ્યો હતો અને પછી પોતે પણ ગળે ફાંસો ખાઈ ગઈ હતી. સસરા વિનોદભાઈ સોલંકી પ્રસંગોપાત બહારગામ ગયા હતા. પતિ જયેશભાઈ રીક્ષા ચલાવી ધંધો કરી ઘરે આવ્યા તો ભયાનક દ્રશ્ય જોયુ હતું. આજુબાજુના મિત્રો અને સગા સંબંધીને જાણ કરતા બધા દોડી આવ્યા હતા અને ઘટનાની માહિતી વાયુવેગે પ્રસરી જતાં વિસ્તારવાસીઓ, સગા સંબંધીઓ અને સમાજના લોકો ભેગા થઈ ગયા હતા.

બી ડીવીજન પોલીસ ની ટીમ પણ દોડી ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે રાત્રે આશરે ૯ થી ૧૦ વાગ્યા વચ્ચે આ બનાવ બનવા પામ્યો હતો. મૃતકોનુ નામ અસ્મિતબેન જયેશભાઈ સોલંકી ઉ.વ.૪૦, પ્રિયાંશી જયેશભાઈ સોલંકી ઉ.વ.૮, હર્ષિતા જયેશભાઈ સોલંકી ઉ.વ.૫ છે. પતિ જયેશભાઈ વિનોદભાઈ સોલંકીની પુછપરછમાં એવી વિગત બહાર આવી હતી કે અસ્મિતાબેન અને જયેશભાઈના લગ્ન ૧૦ વરસ અગાઉ થયા હતા. હાલ અસ્મિતાબેન પોતાના પતિ જયેશભાઈ, સસરા વિનોદભાઈ અને બંને દીકરીઓ પ્રિયાંશી અને હર્ષિતા સાથે રહેતા હતા. પતિ જયેશ રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે. વિનોદભાઈ પણ મજુરી કામે જાય છે. ગઈ કાલે ગુરૂવારે રાત્રે વિનોદભાઈ તેમના સંબંધીના કારખાનાનુ ઓપનીંગ હોવાના પ્રસંગે બહાર ગામ ગયા હતા. પતિ રીક્ષા લઈ ઘરેથી સવારે નિકળી ગયેલ આ પછી રાત્રે ધંધો કરી રીક્ષા લઈ પતિ પરત ઘરે આવે છે. ઘરે નીચેના માળે કોઈ ન હતુ, એટલે પતિ ઉપરના માળે રૂમમાં જાય છે, જયાં જોવે છે કે તેમની બંને દિકરી અને પત્ની ગળે ફાંસો ખાધેલી હાલતમાં પતિએ પોતાના પિતા ઉપરાંત કૌટુંબિક લોકો, આડોશી પાડોશી લોકોને જાણ કરી હતી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

सत्यमेव जयते
ગુજરાત સરકાર



# ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી

તથા

## જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્ર મોદી**ના

વરદ્‌હસ્તે

**₹૯,૭૦૦ કરોડ**થી વધુના વિકાસ પ્રકલ્પોનાં

**લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ અતિથિ

**શ્રી નરેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, ગુજરાત

**શ્રી મનસુખભાઈ વસાવા**
માનનીય સંસદસભ્ય, ગુજરાત

**ડૉ. જયરામભાઈ ગામિત**
માનનીય રા.ક. મંત્રી, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, ગુજરાત

**તારીખ:** ૧૫-૧૧-૨૦૨૫ | **સમય:** બપોરે ૨ વાગે | **સ્થળ:** ડેડીયાપાડા, જિલ્લો: નર્મદા

રાજ્યના ૨૩ આદિજાતિ તાલુકાઓમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ

## હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકાર આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે
- **શ્રી હર્ષ સંઘવી**, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# આજે વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતેઃ ડેડીયાપાડા ખાતે રૂ.૯૭૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનુ કરશે લોકાર્પણ અને ખાતમુહુર્ત

પ્રતિનિધિ,ગાંધીનગર



જનજાતિય નાયકો ના શૌર્ય અને અમુલ્ય યોગદાનને સન્માનિત કરવા માટે સમગ્ર દેશમાં જનજાતિય ગૌરવ વરસની ઉજવણી થઈ રહી છે. આજે ૧૫ નવેમ્બર ૨૦૨૫ ના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા ધરતી આબા ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુજરાતના નર્મદા જિલ્લા ખાતે જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ભાગ લેવાના છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે આયોજીત આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કેન્દ્ર તથા રાજય સરકારના રૂપીયા ૯૭૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાના આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેવ મોગરા ધામમાં માતાજીની પુજા અર્ચના કરીને આશીર્વાદ લેશે. સાતપુડાની ગીરીમાળામાં આવેલુ આ ધામ આદિજાતિ સમાજના લોકોનુ શ્રધ્ધાનુ કેન્દ્ર છે, વડાપ્રધાનની મુલાકાત દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરીવેશમાં તેમનુ સ્વાગત કરશે, આજે તારીખ ૧૫ નવેમ્બરના રોજ ધરતી આબા ભગવાન બિરસામુંડાની ૧૫૦ જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી થવાની છે,

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રૂપીયા ૯૭૦૦ કરોડથી વધુના કેન્દ્ર અને રાજય સરકારના વિકાસ કાર્યોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. જેમાં કેન્દ્ર સરકારના રૂપીયા ૭૬૬૭ કરોડ અને રાજય સરકારના રૂપીયા ૨૧૧૨ કરોડ મળી કુલ રૂપીયા ૯૭૭૯ કરોડ ના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવશે.

ખાતમુહુર્તમાં ગુજરાતની ૧૯૦ આશ્રમ શાળાઓ, ૫૦ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલો,૧૪ ટ્રાયબલ મલ્ટી માર્કેટીંગ કેન્દ્રો, ૭૪૮ કિ.મી. રોડ કનેકટીવીટી (૬ કિ.મી.) બ્રિજ સાથે નુ ખાતમુહુર્ત કરનાર છે, જયારે લોકાર્પણ કામોમાં પીએમ જનમન અંતર્ગત ૧ લાખ પાકા આવાસોનુ અને ૧૦ હજાર મકાનોમાં નળ કનેકશન તેમજ ૪૨ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ સહિતના અન્ય પ્રકલ્પોનુ લોકાર્પણ કરનાર છે.

### દ્વારકા ખાતે કોંગ્રેસ આયોજીત ખેડુત આક્રોશ યાત્રાનુ આજે સમાપન થયું

# ખેડુતોના દેવા માફ નહી થાય તો ગામડે ગામડે કોંગ્રેસ દ્વારા કરાશે આંદોલનઃ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના ખેડુતોના હક્ક અને પ્રશ્નોને વાચા આપવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા ગઈ તારીખ ૬ નવેમ્બરે સોમનાથથી ખેડુત આક્રોશ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. આ યાત્રા આજે શુક્રવારે દ્વારકા ખાતે પુર્ણ થઈ હતી જયાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની અધ્યક્ષતામાં ભવ્ય જનસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જનસભાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે કમોસમી વરસાદના કારણે ખેડુતોના સપના રોળાઈ ગયા છે, પરંતુ સરકાર અને મંત્રીઓએ માત્ર ફોટોગ્રાફી કરી છે અને ૧૦ હજાર કરોડના પેકેજના નામે ખેડુતોને પડીકુ આપવામાં આવ્યુ છે જે સરકારની ખોટી નીતિ અને નિયતનુ પ્રતિક છે. વડાપ્રધાન મોદી દ્વારા ૨૦૧૪ પહેલા વચનો આપવામાં આવ્યા હતા કે એકવાર સરકાર લાવો, ખેડુતોની આવક બમણી કરીશુ, પરંતુ ૩ વાર વડાપ્રધાન બન્યા છતાં ખેડુતોની આવક બમણી ન થઈ, પરંતુ તેમના દેવા જરૂર બમણા થઈ ગયા, વધુમાં ગુજરાતના ૫૦ લાખથી વધુ ખેડુતોએ દોઢ લાખ કરોડ રૂપીયાની લોન લીધી છે. જે મુજબ દરેક ખેડુતના માથે ૫૬ હજારનુ દેવુ છે ત્યારે ૫૬ ઈંચની છાતીનો દાવો કરતા વડાપ્રધાને ખેડુતો સવાલ પુછે છે કે ઉદ્યોગપતિઓના લાખો કરોડ રૂપીયા માફ કરી દીધા પરંતુ મુશ્કેલીમાં મુકાયેલા ખેડુતોના દેવા કયારે માફ થશે ? અંતમાં અમિત ચાવડાએ સરકારને ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે જો આગામી બજેટ સત્ર સુધી સરકારે ખેડુતોની દેવા માફીની અંગે કોઈ નિર્ણય લીધો નહી તો રાજયના ૧૮ હજાર ગામડાઓ સુધી કોંગ્રેસના કાર્યકર્તાઓ જશે, તમામ લોકોને જાગૃત કરશે તેમજ ખેડુતોના હક્ક અને ન્યાય માટે વિધાનસભા પહોચશે, ખેડુતોના ન્યાય માટે લાઠી ખાવી પડે કે ગોળી કોંગ્રેસના આગેવાનો સૌથી પહેલી લાઈનમાં ઉભા રહેશે. નવા અંગ્રેજો સામે લડયા વિના ન્યાય મળવાનો નથી એવુ તેમણે કહ્યુ હતું. સીએલપી નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા જે પેકેજ જાહેર કરવામાં આવ્યુ છે તેના માટે યોગ્ય સરવે કરવામાં આવ્યુ નથી, આ પેકેજ પુરતુ નથી. વધુમાં પેકેજ જાહેર થયા બાદની કેબિનેટ બેઠકના એજન્ડામાં પણ પેકેજની ચર્ચા ન થઈ એટલે આ પેકેજ ખેડુતોને કયારે મળશે તે એક ધારાસભ્ય તરીકે મને પણ ખબર નથી.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદોઃ રેશનકાર્ડ-આધાર લીકીંગ યથાવત રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ગઈ કાલે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં ગુજરાત ફેર પ્રાઈસ શોપ ઓનર્સ એસોસીએશન દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી. આ અરજીમાં રેશનકાર્ડને આધાર સાથે લીંક કરવાની રાજય સરકારની ફરજીયાત શરતને પડકારવામાં આવી હતી. હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આ મામલે કોઈ રાહત આપવામાં આવશે નહી. ત્યારબાદ એસોસીએશનના ચેરમેન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીએ અરજી પાછી ખેંચી લીધી હતી.

એસોસીએશને નેશનલ ફુડ સીકયુરીટી એકટ ૨૦૧૩ હેઠળ લાભાર્થીઓ માટે આધાર ઓથેન્ટિકેશન ફરજીયાત કરવાની રાજય સરકારની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા હતા. આ એક રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત વ્યવસ્થા છે જેનો મુખ્ય ઉદ્દેશ સબસિડાઈઝડ અનાજના પારદર્શક અને લીંક પ્રુફ વિતરણને સુનિશ્ચિત કરવાનો છે. જો કે સૌથી આશ્ચર્યજનક બાબત એ હતી કે આ પડકાર કોઈ વાસ્તવિક લાભાર્થીઓ તરફથી આવ્યો ન હતો પરંતુ જાહેર વિતરણ વ્યવસ્થાના મધ્યવર્તી ફેરપ્રાઈસ દુકાનધારકો તરફથી આવ્યો હતો. જયારે સમગ્ર ગુજરાતમાં આધાર લીંકીંગની પ્રક્રિયા સરળતાથી અને વ્યાપક રીતે ચાલી રહી છે.

કાર્યવાહી દરમિયાન રાજય સરકાર તરફથી સરકારી વકીલ જીએચ વર્ક હાજર રહ્યા હતા તેમણે આ અરજીનો સખત વિરોધ કર્યો હતો અને તેને શરારતી કેસ ગણાવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે એકપણ રેશનકાર્ડ ધારકે આધાર લીંકીંગને લઈને કોઈ વાંધો વ્યકત કર્યો નથી.

વકીલ વીર્કે કોર્ટ સમક્ષ દલીલ કરી કે આધાર ઓથેન્ટિકેશન નકલી રેશનકાર્ડ, ભુતિયા લાભાર્થી અને સબસિડાઈઝડ અનાજના ગેરવહેંચણીને રોકવા માટે એક પ્રમાણિત સાધન છે, તેમણે ઉમેર્યુ કે રાજય સરકાર જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવા માટે પોતાની કાનુની ફરજ નિભાવી રહી છે. રાજયમાં આધાર લીંકીંગ અભિયાન ઉંચી અનુપાલન સાથે ચાલી રહ્યુ છે અને અત્યાર સુધી કોઈપણ લાભાર્થીએ તેની સામે વાંધો ઉઠાવ્યો નથી. ન્યાયમુર્તિ અનિધ્ધ પી માયે નોંધ્યુ કે નેશનલ ફુડ સીકયુરીટી એકટ પરથી ઉભેલી નીતિમાં કોર્ટ માં કેસ દાખલ કરવાનુ કોઈ કારણ દેખાતુ નથી. ખાસ કરીને ત્યારે જયારે જેના




અધિકારોનુ ઉલ્લંઘન થતુ હોવાનુ કહેવાય છે તેવા લોકો પોતે કોર્ટમાં આવ્યા જ નથી. કોર્ટે સ્પષ્ટ કહ્યુ કે તે કોઈ રાહત આપવા તૈયાર નથી. કોર્ટના આ સ્પષ્ટ વલણ બાદ એસોસીએશને અરજી પાછી ખેંચવાની માંગણી કરી હતી જે મંજુર કરવામાં આવી. અંતે અરજી પરત લેતા રાજય સરકારની સ્થિતિ વધુ મજબુત બની છે અને રેશનકાર્ડ આધાર લીંકીંગના અભિયાનને સતત અને નિરાંતે આગળ વધવા માટે માર્ગ મોકળો થયો છે. આ એક એવુ પગલુ છે જે સબસિડાઈઝડ અનાજ સાચા હક્કદાર સુધી નિર્ધારીત અને લીંક પ્રુફ રીતે પહોચાડવા માટે અત્યંત જરૂરી માનવામાં આવે છે. આ ચુકાદો જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી લાવવાના સરકારના પ્રયાસોને સમર્થન આપે છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ એપ્રિલ-મે માં યોજાય તેવી શકયતાઃ એસઆઈઆર ની કામગીરીના કારણે થશે વિલંબ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ સમયસર યોજાય તેવી શકયતા ઓછી દેખાઈ રહી છે. સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આ ચુંટણીઓ હવે એપ્રિલ-મે મહિના સુધી પાછળ ધકેલાઈ કે છે. આ વિલંબ પાછળ મુખ્યત્વે મતદાર યાદી સુધારણાની ચાલી રહેલી કામગીરીને જવાબદાર માનવામાં આવે છે.

હાલ સમગ્ર રાજયમાં મતદાર યાદી સુધારણા અભિયાન ચાલી રહ્યુ છે, જેની આખરી યાદી ફેબ્રુઆરીના અંતમાં પ્રસિધ્ધા થશે આ ઉપરાંત એસઆઈઆર ની કામગીરી પણ આરંભાઈ છે. જેમાં ૫૦ હજાર થી વધુ શિક્ષકો સહિત અન્ય સરકારી કર્મચારીઓ જોડાયા છે. જયાં સુધી મતદાર યાદીની આ સાફસફાઈ પુર્ણ ન થાય ત્યાં સુધી ચુંટણી યોજી શકાય તેમ નથી. રાજકીય પક્ષોએ પણ આ મુદ્દે ઉંડો રસ દાખવ્યો છે. કારણ કે આ સુધારણા બાદ વિધાનસભા બેઠકોમાં મતદારોની સંખ્યામાં મોટો ઉલટફેર થવાની સંભાવના છે. કોંગ્રેસે તો રાજયમાં ૬૦ લાખથી વધુ શંકાસ્પદ મતદારો હોવાનો આક્ષેપ પણ કર્યો છે. ચુંટણીઓ પાછળ ઠેલવા પાછળનુ બીજુ કારણ રાજકીય પણ માનવામાં આવે છે.

ખુદ સરકાર પણ ઈચ્છે છે કે ચુંટણીઓ હાલ પુરતી મોડી યોજાય, તાજેતરમાં કમોસમી વરસાદને કારણે ખેડુતોને અપાયેલી કૃષિ રાહત સહાયમાં ઓછા વળતરનો મુદ્દો રાજયમાં ચગ્યો છે. જેના કારણે ખેડુતોમાં સરકાર સામે અસંતોષ ભભુકયો છે. જો વર્તમાન પરીસ્થિતિમાં ચુંટણી યોજાય તો સત્તાધારી ભાજપને ખેડુતોના રોષનો ભોગ બનવુ પડી શકે છે.

આમ સરકાર સાનુકુળ વાતાવરણની રાહ જોઈ રહી છે. જો ચુંટણીઓ એપ્રિલ-મે સુધી પાછળ ઠેલાય તો ભાજપ સરકારને ફાયદો થઈ શકે છે. જયારે વિપક્ષ માને છે કે હાલનુ વાતાવરણ તેમના માટે સાનુકુળ છે. જો ચુંટણીઓ વિલંબમાં પડશે તો રાજયની અનેક પંચાયતો અને નગરપાલિકાઓમાં એકાદ બે મહિના માટે વહિવટદારનુ શાસન સ્થાપિત થાય તો નવાઈ નહી. આ સ્થિતિમાં કોર્પોરેટર બનવા ઈચ્છુક દાવેદારોએ હજુ થોડી વધુ રાહ જોવી પડશે.

# હવે અમદાવાદથી મુંબઈ ૫ કલાકમાં પહોચી જવાશેઃ ૧૩૦ની સ્પીડે દેશની પ્રથમ સ્લીપર વંદે ભારત ટ્રેન દોડી

### ટ્રેન અમદાવાદથી નોન સ્ટોપ મુંબઈ ૫ કલાકમાં પહોચાડી દેશે : અમદાવાદથી ૧૩૦ ની સ્પીડે મુંબઈ સેન્ટ્રર સુધીની ટ્રાયલ

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશની પ્રથમ સ્લીપર વંદે ભારત ટ્રેનનુ આજે શુક્રવારે ટ્રાયલ લેવામાં આવ્યુ હતું. આજે શુક્રવારે સવારે અમદાવાદથી ૧૩૦ ની સ્પીડે આ ટ્રેન નોનસ્ટોપ મુંબઈ સુધી દોડી હતી, આ ટ્રાયલ સફળ રહેતા ટુંક સમયમાં જ ટ્રેન દોડતી થશે હવે અમદાવાદથી નોન સ્ટોપ ૫ કલાકમાં પહોચાડશે.

આ ટ્રેનમાં ૧૬ કોચ છે જેના રેક માં ફેરફાર કરાયેલી બોગીઓ છે વંદે ભારત ટ્રેનથી પણ વધુ અદ્યતન સુવિધાઓ સ્લીપર વંદે ભારત ટ્રેનમાં કરવામાં આવી છે. આ ટ્રેન શરૂ થતા હવે માત્ર ૫ કલાકમાં જ અમદાવાદ થી મુંબઈ પહોચી શકાશે, પશ્ચિમ રેલ્વે પાસેથી મળતી માહિતી પ્રમાણે ગઈ તારીખ ૧૧ નવેમ્બર ના રોજ સ્લીપર વંદે ભારત ટ્રેનના રેક અમદાવાદ આવવા માટે રવાના થયા હતા. ગઈ કાલે ૧૩ નવેમ્બર ના રોજ અમદાવાદ ખાતેના સાબરમતી યાર્ડ ખાતે સ્લીપર વંદે ભારત ટ્રેનના રેક આવી ગયા હતા. ત્યારબાદ એમાં જરૂરી ટેકનીકલ તપાસ કરવામાં આવી હતી. આ સાથે આરડીએસઓની ટીમે ઈન્સ્ટુમેન્ટ ટેન્શન અને સલામતીની તપાસ શરૂ કરી દીધી હતી. આજે શુક્રવારે સવારે ૯ કલાકે દેશની પ્રથમ સ્લીપર વંદે ભારત ટ્રેનની ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદથી ૧૩૦ ની સ્પીડે મુંબઈ સેન્ટ્રલ સુધીની ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. સ્લીપર વંદે ભારત ટ્રેન ૧૫ નવેમ્બર અથવા ૧૬ નવેમ્બર ના રોજ મુંબઈથી પરત અમદાવાદ આવશે, અમદાવાદથી ઉપડેલી સ્લીપર વંદે ભારત ટ્રેન ૧૩૦ ની સ્પીડે વડોદરા , સુરત અને ત્યારબાદ મુંબઈ સેન્ટ્રલ પહોચી હતી. આ ટ્રાયલ દરમિયાન પશ્ચિમ રેલ્વેના વિવિધ વિભાગો, મિકેનિકલ, ઈલેકટ્રીકલ, સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન સહિતના વિભાગો દ્વારા ટ્રાયલમાં કામગીરી કરવામાં આવી હતી. આ ટ્રાયલ દરમિયાન ડેટા રેકોર્ડિંગ, સેન્સર અને સલામતીના ઉપકરણોનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. આ સાથે જ આરડીએસઓ અને આઈસીએફ ની સંયુકત ટીમને સમગ્ર રૂટ પર ગતિ, સ્થિરતા અને સલામતીના ધોરણોનુ નિરીક્ષણ કર્યુ હતું. અમદાવાદથી મુંબઈ સુધીની દેશની પ્રથમ સ્લીપર વંદે ભારત ટ્રેનની બીજી ટ્રાયલ પણ સફળ રહી છે.

# ભરૂચ જિલ્લાના અંકલેશ્વર માં મદ્રેસાના મૌલવીએ હિન્દુ મહિલા સાથે આચર્યુ દુષ્કર્મઃ મુસ્લીમ ધર્મ અંગીકાર કરવા કરતો હતો દબાણ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



મદ્રેસાના મૌલવીએ હિન્દુ મહિલાને ધર્માતરણની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના બહાર આવી છે. પાનોલી પોલીસે આરોપી મૌલવીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર તાલુકાના પાનોલી ગામે મદ્રેસાના મૌલવીએ દુષ્કર્મ આચર્યુ છે, હિન્દુ મહિલાને નિશાન બનાવી દુષ્કર્મ આચર્યુ હતુ પોલીસે મૌલવીની ધરપકડ કરી સુગંધી પાણી પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતુ, અંકલેશ્વરના છેવાડાના ગામમાં મદ્રેસાના મૌલવીએ હિન્દુ મહિલાને ધર્માતરણની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના બહાર આવી છે. પાનોલી પોલીસે આરોપી મૌલવીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અંકલેશ્વરના છેવાડે અને સુરત જિલ્લાને અડીને આવેલ એક ગામમાં રહેતી હિન્દુ મહિલાનો પરીચય તેની અન્ય બહેનપણી થકી મુલાકાત બાદ મૌલવી અઝવદ બેમાત ના જોડે થયો હતો. જે બાદ વારંવાર મહિલાને મૌલવીએ મેસેજ મોકલવાનુ તેમજ કોલ કરી વાતચીત કરવાની શરૂઆત કરી હતી. તેણે એને લગ્નની લાલચ આપી મહિલાઓને ૩ વાર મુલાકાત કરી હતી, ત્યારબાદ લગ્ન કરી લેવા કહેતો હતો દરમિયાન ગઈ તારીખ ૯ નવેમ્બર ના રોજ મદ્રેસા ખાતે આવેલ તેના ઘરે બોલાવી હતી અને સુગંધી પાણી પીવડાવ્યુ હતુ,

ત્યારબાદ મહિલા અર્ધબેભાન જેવી થઈ જતા તેની મરજી વિરૂધ્ધ બે વખત દુષ્કર્મ આચર્યુ હતુ, ત્યારબાદ મહિલાને ભાન આવતા જ મુસ્લીમ ધર્મ અપનાવી લેવા અને ધર્મ અંગીકાર નહી કરે તો બદનામ કરવાની તથા તેના બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ મહિલાએ મૌલવી સામે પાનોલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી મૌલવીની ધરપકડ કરી હતી. આરોપી મૌલવી કેનેડાનો સીટીઝન હોવાનુ બહાર આવ્યુ છે. તેણે અન્ય મહિલાઓને પણ નિશાન બનાવી છે કે કેમ તે સહિતની દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# વિસાવદરમાંથી ગોપાલ ઈટાલીયા ગાયબ નથી થયાઃ એપેન્ડિકસનુ ઓપરેશન કરાવ્યુ હોવાથી તબીબની સલાહે આરામ પર છે

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક પરથી ચુંટાયેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ખુબ જ સક્રિય છે. થોડા દિવસ અગાઉ સોશીયલ મીડીયામાં ગોપાલ ઈટાલીયા વિસાવદરમાંથી ગાયબ છે, શિર્ષક હેઠળ એક પોસ્ટ વાયરલ થઈ હતી. જો કે આજે ગોપાલ ઈટાલીયાએ પોતાના સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર પોતે તબીબની સલાહ પ્રમાણે આરામ કરી રહ્યા હોવાનુ જણાવ્યુ હતું. સોશીયલ મીડીયામાં વાયરલ પોસ્ટમાં ગોપાલ ઈટાલીયાને ઉદ્દેશીને લખવામાં આવ્યુ હતુ કે વિસાવદરની જનતાને મુર્ખ બનાવી વોટ મેળવ્યા પછી હવે વિસાવદરમાં ગાયબ છે, હવે તો વિસાવદરની જનતા પણ કહે છે કે ગોપાલ ઈટાલીયા કામ કર નહીતર દિલ્હીવાળી થશે, હકીકતમાં આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં કિસાન મહાપંચાયતોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સતત ઉપસ્થિત રહેવાના કારણે ગોપાલ ઈટાલીયાને પેટમાં દુઃખાવો ઉપડતા જુનાગઢની હોસ્પીટલમાં સારવાર માટે ગયા હતા. જયાં સોનોગ્રાફી કરાવતા એપેન્ડિકસ ફાટીને રસી આખા પેટમાં ફેલાઈ ગઈ હોવાનુ માલુમ પડયુ હતું. આથી તબીબની સલાહ અનુસાર તાત્કાલીક સર્જરી કરાવવી પડી હતી,



હાલ ગોપાલ ઈટાલીયાને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે અને તેમની હાલત સ્થિર છે, જો કે આગામી ૧૦ થી ૧૫ દિવસ સુધી તબીબોએ મુસાફરી ન કરવાની અને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. પોતાની પોસ્ટમાં ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે સતત મુસાફરી, અનિયમિત જમવાનુ અને અનિયમિત સુવાનુ હોવાના કારણે થોડાક સમયથી પેટમાં દુઃખાવાની સમસ્યા હતી. જો કે અલગ અલગ જિલ્લામાં કિસાન મહાપંચાયતમાં હાજર રહેવાનુ તેમજ ટેકાના ભાવે મગફળી ખરીદી અને કડદા આંદોલન, માવઠાની સહાય અને ખેડુત આત્મહત્યા વગેરે મહત્વના કાર્યોમાં મારૂ હાજર રહેવુ જરૂરી હોવાથી શારીરિક તકલીફને અવગણીને હું સતત દોડયા કરતો હતો. આમ તો થોડા દિવસ અગાઉ મને પેટમાં દુઃખાવો થતો હતો પણ દવાઓ લઈને ખેડુતોના કાર્યક્રમમાં હાજરી આપતો હતો. પરંતુ પેટના દુઃખાવામાં રહી ન શકાય એવી હાલત થઈ જતા મારે તાત્કાલીક દવાખાને જવુ પડયુ હતું. જુનાગઢની પ્રખ્યાત કે જે મલ્ટીસ્પેશયાલીસ્ટ હોસ્પીટલમાં સોનોગ્રાફી સારવાર કરાવતા ડોકટરે મને જણાવ્યુ હતુ કે શરીરમાં એપેન્ડિકસ ફાટી ગયેલ છે અને રસી આખા પેટમાં ફેલાઈ ગયેલ છે. તાત્કાલીક સર્જરી નહી કરાવવામાં આવે તો મોટી તકલીફ થઈ શકે છે. આથી કે જે મલ્ટીસ્પેશયાલીસ્ટ હોસ્પીટલમાં ડોકટર વિનય હરીયાણી અને તેમની ટીમે મારી લેપ્રોસ્કોપીક સર્જરી કરી હતી અને હાલમાં હુ સ્વસ્થ છુ, અત્યારે ડોકટર દ્વારા ઓછામાં ઓછા ૧૦-૧૫ દિવસનો આરામ કરવાની સલાહ આપી છે.

# બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના દેવળિયા ગામે તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક તપાસઃ ૮ દુકાનદારો સામે દંડાત્મક કાર્યવાહી

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ જિલ્લા કલેકટર શ્રી ડો.જીન્સી રોય તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી અક્ષય બુડાનિયાના માર્ગદર્શન હેઠળ બોટાદ જિલ્લામાં તમાકુ નિયંત્રણ માટે સક્રિય કામગીરી હાથ ધરી કરવામાં આવી રહી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. બી. એ. ધોળકિયા અને એપેડેમિક મેડિકલ ઓફિસર ડો. આર. આર. ચૌહાણના સુચન મુજબ જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા સતત ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને રાણપુર તાલુકા આરોગ્ય અધિકારી ડો. અજય ઝાંઝરુકિયાના માર્ગદર્શન હેઠળ દેવળિયા ગામમાં તમાકુ વિરોધી કાયદો 'COTPA–૨૦૦૩' નું કડક અમલીકરણ થાય તે હેતુથી ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક રેડ /ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન તમાકુ કે તેની બનાવટનું ગેરકાયદે વેચાણ કરતા ૧૨ જેટલા નાના–મોટા વેપારીઓ ઉપર તપાસ હાથ ધરી, જેમાંથી ૮ દુકાનદારો પાસેથી રૂ. ૪૦૦/- દંડ વસુલ કરવામાં આવ્યો હતો.આ કામગીરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. કેવલભાઈ, ડો. પારૂલબેન જમોડ, એમ.પી.એચ. ડબલ્યુ શ્રી હરેશભાઈ બાવળિયા તેમજ પોલીસ વિભાગનો સ્ટાફ જોડાયો હતો. સમગ્ર કાર્યવાહી ચોકસાઈ અને કડકાઈ પૂર્વક હાથ ધરવામાં આવી હતી.

અહેવાલ લાલજી મેર રાણપુર

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૮A ૨૦૨૫-૨૬ તારીખ : ૧૪.૧૧.૨૦૨૫

**CPOH માં POH અને વિવિધ ઝોનમાં કામ કરતી વખતે પોઈન્ટ અને ક્રોસિંગ ટેમ્પર્સ મશીનોના ટેમ્પીંગ યુનિટ્સનું રિકન્ડીશનીંગ/ઓવરહ્યોલિંગ**

ટેન્ડર નં. CWMCPOHADI2025-26-08A

**કામનું નામ :** CPOH અમદાવાદ ખાતે POH અને CR, WCR, NWR, અને WR ઝોનમાં કામ કરતી વખતે UNI-2S/3S UNI-4S, MPT/MFI અને PCTM જેવા Plasser બનાવટ અને CRCCE બનાવટના પોઈન્ટ અને ક્રોસિંગ ટેમ્પર્સ મશીનોના ટેમ્પીંગ યુનિટ્સનું વર્ષ ૨૦૨૫-૨૬ માટે રિકન્ડીશનીંગ/ઓવરહ્યોલિંગ.

**NITની અંદાજિત પડતર :** ₹ ૧૩,૮૯,૨૯,૨૧૬.૩૮/-

**ઈએમડી પડતર રૂા. માં. :** ₹ ૮,૪૪,૭૦૦.૦૦/-

**ટેન્ડર બંધ થવાની અને ખુલવાની તારીખ અને સમય :** તા. ૦૯/૧૨/૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે અને તા.૦૯/૧૨/૨૦૨૫ ના ૧૧:૧૫ કલાકે.

ADI-198

Like us on : facebook.com/WesternRly • Follow us on : x.com/WesternRly